





'વિકાસ'નું મદડું હવે એમને ધક્કે ચડે છે,
એક ખેંચે ગામ ભણી બીજો સીમ ભણી પડે છે
રડે છે મા હવે પક્ષની કોઠીમાં મોઢું છૂપાવી -
બૂરખા નીચેથી પણ, જૂની ઇમેજ નડે છે..
('બીગ' બીનું ઘરમાં ન હાલ્યું!)

'વાતાવરણ',
વિકાસના આકાશે -
વાદળ-છાયું!
(સંઘના હેતુલક્ષી કાર્યક્રમો)

સુંવાળું નથી!
ખેડૂત આંદોલન -
'કપાસ' જેવું..
(ઉગ્ર કાર્યક્રમો)




## ચિંતન

**ન યોજનશતં દૂરં બાધ્યમાનસ્ય તૃષ્ણયા । સંતુષ્ટં યત્કરપ્રાસેપ્ય અર્થ ભવતિ નાદરઃ ॥**

'જે માણસ તૃષ્ણા-આસક્તિ-લાવ-લાવની લોભવૃત્તિથી પિડાતો હોય એને હજારો કિલોમીટર યોજનો પણ દૂર લાગતું નથી. પરંતુ જેનું મન સંતુષ્ટ છે તેને હાથમાં - નજીકમાં જ પ્રાપ્ત થયેલો ધન માટે પણ આદર ઉત્પન્ન થતો નથી અર્થાત લોભાતો નથી.'

આજકાલ કમાણી નોકરી-ધંધા માટે લોકો વિદેશ તરફ બહુ નજર દોડાવે છે ત્યાં ડોલર-પાઉન્ડ-રિયાલની આવક મોટી દેખાય છે ત્યાં કરકસર, પોતાના ચારિત્ર્ય અને કુળની કક્ષાથી પણ નીચું કામ કરી. રાત-દિવસ બાળકોને કોઇના હવાલે સોંપી મહેનત-મજૂરી કરી કમાણી કરવાનો શું અર્થ?

ત્યાં ઘર-પરિવાર-જ્ઞાતિ-સમાજની હૂંફ નથી મળતી, બાળકોને પ્રેમ-સંસ્કાર અને કુટુંબની રીતભાત નથી મળતી પછી બાળક ઘરમાં પણ 'વિદેશી' થઇ જાય છે.

કમાણી-ધન-પૈસો એ જીવન નથી 'સંતોષ'થી જે મળે તે હજાર કિ.મી. દૂર નથી મળતું.

## સુવિચાર

- આપણે સ્વયં સૂરજ હોઇએ અને અજવાળા માટે આગિયાની શોધ કરતા હોઇએ એ કેવું હાસ્યાસ્પદ લાગે છે? કોઇની પાસે અપેક્ષા રાખનારનું જીવન આવું જ હાસ્યાપદ હોય છે
  - જે. કૃષ્ણમૂર્તિ
- 'પરવર દિગારે જીભ દઇ બોલતો કર્યો.., ત્યારે પૂછ્યું એ જ જીભથી 'પરવર દિગાર ક્યાં?'
  - શાહબાઝ
- જન્મ લીધો તે પળથી મૃત્યુ પછી સુનિશ્ચિત હોય છે, બધું જ પૂર્વનિશ્ચિત છે અને છતાં બધું અનિશ્ચિત લાગ્યા કરે છે ઇશ્વરનું સ્મરણ અને સદ્‌ગુરુનો સંગાથ જ આ અનિશ્ચિત અને નિશ્ચિતને ઓળખાવી આપે છે
  - મોરારી બાપુ
- ભૂતકાળની યાદોમાંથી સાવ ખાલી હાથે માત્ર જખ્મો લઇને આવીએ છીએ, ભવિષ્યના સપનાઓ દૂર આ જખ્મો માટેનો જાણે મલમ લઇને ઊભા હોય છે જે પળે માણસ વર્તમાન સાથે જોડાઇ જાય છે એ જ પળે એ સાચા જીવન સાથે જોડાતો હોય છે
  - જનકલ્યાણ
- જો પૂજવાનું મન થતું હોય તો ઇશ્વર બહાર જોઇએ, પણ જો ઇશ્વરને જાણવાનું મન થતું હોય તો ઇશ્વર ભીંતર જોઇએ
  - રજનીશ
- પાપી પાસે સામગ્રી ચિક્કાર હોઇ શકે, સુખ નહીં, ધર્મીષ્ઠના જીવનમાં કષ્ટો ઘણાં હોઇ શકે, દુઃખ નહીં
  - ડોંગરેજી
- એક ઇશ્વરને જ માંગી લો, ઐશ્વર્ય તો ઇશ્વરનો પડછાયો છે, જયાં ઇશ્વર ત્યાં ઐશ્વર્ય છે
  - એસ. ભટ્ટાચાર્ય

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

કેટલાક યુવાનને કોઇ કામે મોકલ્યા હોય પછી એ કામ પુરું કરી આવ્યા કે નહીં - એનો જવાબ આપવાની પણ પરવા કરતા નથી એવા બેદરકાર અને બેજવાબદાર હોય છે. એ જિંદગીમાં નિષ્ફળ જાય છે.

જયારે કેટલાકને કામ આપ્યું હોય તો પુરું કરી અથેતિ અહેવાલ તો આપે પણ વિશેષમાં ન કહ્યું હોય એવું બીજું વધારાની પૂરક માહિતીનું કામ કરે. એમની પ્રગતિ થાય છે.

બે મિત્રો એક જ દિવસે એક જ કંપનીમાં જોડાયા. અ. આળશુ હતો. બ. બાહોશ હતો.

બ ને ત્રણ વર્ષે બઢતી મળી. અ અન્યાયથી ગુસ્સે થઇ શેઠ પાસે ઝગડો કરવા ગયો અને રાજીનામું આપ્યું. શેઠ કહે - રાજીનામું સ્વીકારું એના પહેલાં એક કામ કર આપણી બજારમાં તડબૂચવાળા કેટલા છે તે જાણી લાવ! 'અ' રસ્તામાંથી જ કોઇને પૂછી જાણી લાવ્યો. 'એક જ છે' શેઠ પૂછ્યું. શું ભાવે તડબૂચ વેંચે છે? એ કહે પૂછી આવું. પૂછી આવ્યો. વીસ રૂપિયે કિલો. કેવા છે મોટાં કે મીઠાં? અ એ કંટાળીને કહ્યું એ ચાખ્યું નથી. શેઠ એને બાજુમાં. બેસાડી - બ ને કહ્યું મારકીટમાં જઇ જરા જોઇ આવ આજે કેટલા તડબૂચવાળા આવ્યા છે?

બ આવ્યો - કહ્યું એક જ છે ૨૦ રૂા. કીલો ભાવ છે પણ દસ કીલો લઇએ ૧૫૦ રૂા. છે ખૂબ મીઠાં, લ્યો! ચાખી જુઓ!

શેઠે અ ની સામે જોયું. ન્યાય થઇ ગયો. નીચું જોઇ ચાલ્યો ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# નવા વર્ષમાં 'આનંદ'ને ઘરમાં - આપણાં હૃદયમાં એક શાશ્વત સ્થાન આપી દઇએ તો કેવું?

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

બાપ રે.. કેટલો લાં... બો સમય આપણી વચ્ચે વહી ગયો ને બે શબ્દોની આપ-લે પણ થઇ શકી નથી. પણ સમયનું આ વ્હેણ વ્યર્થ નથી ગયું. અનેક લોકો મળ્યાં જેમણે મારા પત્રોને યાદ કર્યા મારા પત્રોની ગેરહાજરીનો વસવસો વ્યક્ત કર્યો ને મને લાગ્યું કે -

'જિંદગીનો એ જ સાચો સાચ પડઘો છે 'ગની'
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે.'

વિરળકાળમાં પણ ઘણી વખત બંધ આંખે તમારી સાથે ઘણી બધી વાતો કરી છે. આ સમય પણ વ્યર્થ નથી ગયો જીવનનું ઘણું મોટું સત્ય મને સાંપડ્યું જે એક વાર્તાનું બીજ બન્યું અને પ્રથમ વખત વાર્તા જેવું? કંઇક લખવાનો પ્રયત્ન કર્યો જે આજે તને સપ્રેમ અર્પણ કરું છું.

આનંદ -

કોઇ ઊંડી અંધારી ગુફામાંથી લગાતાર તીણી વ્હિસલ સંભળાઇ રહી હોય તેવું લાગ્યું. તેણે ભારે થયેલાં પોપચાંને ખોલ્યાં. બંધ કર્યા - ખોલ્યા... એલાર્મ વાગી રહ્યું હતું. તેણે હાથ લંબાવીને એલાર્મને ચૂપ કર્યું. પથારીમાંથી ઉઠવાનો કંટાળો આવતો હતો; પણ ઉઠ્યા વગર ચાલે તેમ પણ ન હતું. કલેકટરમાંથી આવેલી ઇન્કવાયરીનો જવાબ તૈયાર કરવાનો હતો... મિટીંગના એજન્ડાની યાદી બનાવવાની હતી... પ્રમોશન માટે આ વખતે તો રાવ સર આગળ પોતાના માટે ખાસ વાતાવરણ તૈયાર કરી પોતાના નામની ભલામણ માટે લોબીઇંગ કરાવવાનું છે, ઇન્કમટેક્ષ કપાતો બચાવવા માટે ક્યાં કેટલું રોકાણ કરવું તેની સલાહ લેવા શાહને મળવાનું છે... કેટકેટલા કામોની યાદી છે! સૂઇ રહેવું પાલવે તેમ નથી. ઘડિયાળના કાંટાથીયે તે જ તેનું મગજ દોડવા લાગ્યું ને તે હડફ દઇને પથારીમાં બેઠો થઇ ગયો.

તેના ઉઠવાની રાહ જોઇને અટારીમાં 'આનંદ' તેના ભણી એકટક જોઇ રહ્યો હતો. પક્ષીઓનાં કલરવ વચ્ચે સૂર્યોદય કલરફુર અને કેવો મ્યુઝિકલ લાગી રહ્યો છે! તે બતાવવા માટે 'આનંદે' બારીનો પરદો ખસેડી સહેજ અજવાળું પાથર્યું અને તેની પથારી ભણી જોયું. પણ તેણે બારી આગળ ઉભેલા 'આનંદ' પર અછડતી નજર નાંખી ન નાંખી ને બાથરૂમમાં ઘૂસી ગયો. 'આનંદ' હવે નાના ટીનુ પાસે જઇને બેસી ગયો. તે ન્હાઇને બાથરૂમમાંથી નીકળ્યો. ટીનું તેને જોઇને હાથ લાંબા કરી રહ્યો. "સોરી બેબી ! તને રમાડવા રહીશ તો શર્મા ગાડી લઇને નીકળી જશે અને મારે બસમાં લટકતાં લટકતાં ઓફિસે પહોંચવું પડશે." કહી હળવી ટપલી ટીનુના ગાલને બક્ષી ફાઇલોને બ્રિફકેસમાં ગોઠવવા લાગ્યો. પત્ની ચ્હા-નાસ્તાની ટ્રે લઇને આવી. ગઇકાલે ટીનુ ચાલતા શીખ્યો અને બે-ચાર ડગલાં ચાલી કેવો પડ્યો તેની વાત કરવા લાગી. પણ તેનું ધ્યાન તો આડાઅવળાં ખર્ચાઇ ગયેલા ઓફિસ ખર્ચના નાણાને ક્યાં એડજસ્ટ કરવાં? તેમાં રોકાયેલું હતું.

'આનંદે' ટીનુ પાસે તેની કાલી-ઘેલી ભાષામાં બે-ત્રણ વાર પા... પા... બોલાવ્યું. પણ એ દેવવાણી તેણે ન સાંભળી તે વિચારમાં હતો. 'બાંધકામ વિભાગમાં આપેલી ફાઇલને ચલાવવા કેટલું વજન મૂકવું પડશે?'

ટ્યૂશનમાંથી પરત ફરેલી પિન્કીએ ગઇકાલે ચિત્ર હરિફાઇમાં 'એ' ગ્રેડ મળ્યો હતો. તે ચિત્ર હોંશભેર પપ્પા આગળ ધર્યું. તેણે ચિત્ર સામે જોયું. ન જોયું અને પાકીટમાંથી પચાસની નોટ કાઢીને પિન્કીને આપતાં કહ્યું. 'એન્જોય!' 'આનંદ' ખસિયાણા પડી પિન્કીની કબાટના ખૂણામાં ચિત્રને ફેંક્યું અને પચાસની નોટને સાચવીને દફ્તરમાં મૂકી. 'આજે નિધિ, દિશા, શમિતા બધાને ચોકલેટ ખવડાવીશ!' 'આનંદ' પિન્કીના રૂમ આગળથી પાછો વળીને રસોડા ભણી વળ્યો.

પત્નીએ આજે તેને પ્રિય એવો ગાજરનો હલવો બનાવ્યો હતો. તેણે છાપામાંની રાજદારી ખબરોનાં વાચન સાથે હલવાને પેટમાં ઠલવી દીધો. પત્નીએ હોંશભેર પૂછ્યું, 'કેવો બન્યો છે?' 'આનંદ' ઉત્સુક થઇ રહ્યો તેનો જવાબ સાંભળવા. પણ તેણે તો ચોંકીને પૂછ્યું, 'હેં... હા હલવાને? સરસ' ને પાછો ખેલજગતની ખબરોમાંથી ખૂંપી ગયો. પત્નીએ ટાઢાશથી પોતાની થાળી પીરસીને વધેલું જમવાનું કાઢી લીધું. 'હવે આ કામવાળીને આપી દઇશ! એવું બબડી ને કામે વળી ગઇ.' આનંદ - દરવાજા બજાર નીકળી ગયો.

આનંદ તેના ઘરથી દૂર... ગલીના નાકે જઇને તેના ઘર સામે જોઇ રહ્યો હતો.

● ● ●

આજે તે નિવૃત્ત થવાનો હતો. વય નિવૃત્તિ નહિ પણ સ્વૈચ્છિક નિવૃત્ત. ડાયાબિટીશ અને હાઇ બ્લડપ્રેશરે તેને ખોખલો કરી નાંખ્યો હતો. સવારે ઉઠીને બારી તરફ નજર નાંખી 'આનંદ' ન હતો. સામે માથું ઊંચુ કરીને ઊભેલી બિલ્ડીંગે સૂર્યને સંતાડી દીધો હતો. તે ડ્રોઇંગરૂમમાં આવ્યો. ટીનુ અને પિન્કી સવારના નીકળી ચૂક્યા હતા. ટ્યૂશન, કોલેજ, ડાન્સ કલાસ, કલબ, પાર્ટી... અને હવે મોડી રાત્રે જ આવવાના હતા. તેણે રૂમના ચોમેર દૃષ્ટિ ઘુમાવી સુનકાર હતો. 'આનંદ' ન દેખાયો. પત્ની ચ્હાનો કપ ટેબલ પર મૂકી રસોડામાં જતી રહી. તેણે છાપુ ખોલ્યું પણ બધાં જ સમાચારો તેને વાસી લાગ્યા. 'આજે જમવાનું શું બનાવ્યું છે?' તેણે પત્નીને બૂમ પાડી. 'રોજ જે ખાઓ છો તે જ તો ! બીજું શું?' કહીને પત્ની ભગવાનની દીવા આરતીમાં લાગી ગઇ. ક્યાંક સુધી તેના ભજનના સૂર સંભળાતા રહ્યો પછી કોઇ પડોશણ પાસે વાતે વળી ગઇ. તેણે એકલા એ જ જમી લીધું અને આજે છેલ્લી વખત ઓફિસે જવા નીકળ્યો.

ગલીમાં દૂર સુધી નજર નાંખી પણ 'આનંદ' ક્યાંક ન દેખાયો. ઓફિસે પહોંચ્યો. આજે ઓફિસમાં તેનો વિદાય સમારંભ હતો. બધાએ વાતાફરતી તેના કર્મઠ સ્વભાવના અને સૂઝબૂઝના વખાણ કર્યા... પછી તેની નજર 'આનંદ'ને શોધતી હતી. ઓફિસ તરફથી પુષ્પગુચ્છ અને યાદગીરી રૂપે ભેટ આપવામાં આવી તેને હતું કે આ સમયે તો 'આનંદ' ચોક્કસ આવી જશે. તેણે દરવાજા સામે જોયું પણ... તેની નજર ભોંઠી પડી. સૌ સાથે હાથ મિલાવતી વખતે પણ 'આનંદ'ની ગેરહાજરી તેને કઠી.

સાંજે ઘરે આવતાં ગલીના નાકે તેણે દાસકાકાના ઘરે સામે જોયું. પણ દાસકાકાને ગુજરી ગયે ઘણાં વર્ષો થઇ ગયાં હતા. હવે ઘર બંધ હતું. છોકરા ક્રિકેટ રમતાં હતાં ત્યાંથી બોલ અદ્ધર હવામાં ઉછળીને તેની બાજુ આવ્યો, પહેલાં તો તેને ઉમળકો આવ્યો કે, ઉછળીને બોલને કેચ કરી લે. પણ બે દિવસ પહેલાં કમરમાં આવેલો સણકો યાદ આવ્યો અને તે લાચારી સાથે બોલથી બચીને ખૂણામાં જતો રહ્યો. તેણે બગીચામાં નજર દોડાવી કદાચ! 'આનંદ' દેખાય તો બે ઘડી બેસું. પણ આનંદ તો ત્યાંત નહતો. હવે દવાખાને ડોકટરને બતાવવા જવાનો સમય થઇ ગયો હતો. તે ઘરમાં આવ્યો ઘર ખાલી હતું. તેની નજર શોધી રહી, 'આનંદ ક્યાં?'

તો! સખી! આપણે પણ સમય રહેતાં આપણી આસપાસ જ ઘૂમતાં 'આનંદ'નો પાલવ પકડી લઇએ. નવા વર્ષમાં 'આનંદ'ને ઘરમાં - આપણાં હૃદયમાં એક શાશ્વત સ્થાન આપી દઇએ તો કેવું?

- તારી સ્વાતિ

# મગજના ચાલુ ઓપરેશને...!!

## હળવાશની ક્ષણોમાં

- ચિત્રસેન શાહ

આજથી સો વર્ષ પહેલા એટલે કે જાન્યુઆરી ૧૯૧૫માં મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકા છોડી લંડન થઇ ભારત પાછા ફર્યા હતા. તેના રેફરન્સમાં એકવાર નેલ્સન મંડેલાએ ભારતને ઉદ્દેશીને કહ્યું હતું - 'તમે અમને એપ્રિલ ૧૯૮૩માં મોહનદાસ કરમચંદ ગાંધી આપ્યા હતા અમે તમને જાન્યુઆરી ૧૯૧૫માં 'મહાત્મા' પાછા આપીએ છીએ!(મહિલાઓ આને 'વાટકી' વ્યવહાર તરીકે ગણશે!)

આ વર્ષનો પ્રવાસી ભારતીય દિવસ PBD (મહાત્મા ગાંધીની 'ઘર વાપસી' નિમિત્તે!) મહાત્મા ગાંધીની થીમ પર હશે અને તેની ઉજવણી પણ ભવ્યાતિભવ્ય રીતે 'મહાત્મા મંદિર'માં થશે!

તે પહેલાં 'વોર્મઅપ' તરીકે 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ' આયોજિત 'અર્ક' વ્યાખ્યાનમાળાનો આજનો મણકો છે -

'જીવવું છે જાનદાર
જીવવું છે શાનદાર!'

જે હાલના માહોલને અનુરુપ છે.

પૂ. મોરારી બાપુની અમૃતવાણી રૂપ રસ જરા 'PK' તો દેખિયે!

'ચોરે-ચૌટે' કે 'ઓટલા-ચોકઠા' પર થતી કોઇની કારણ વગરની થતી 'કુથલી' ભૂલાઇ જશે! માનનીય નરેન્દ્રભાઇ મોદીના 'કોંગ્રેસ મુક્ત' ભારતના અભિયાનની જેમ જ કેટલાક 'પ્રદૂષિત મગજો'ને પણ 'કુથલી મુક્ત' કરવાની જરૂર છે જે આવા પ્રવર્ચનોથી ચોક્કસપણે થઇ શકે!

તો ચાલો આવા શાનદાર પ્રવર્ચન સાંભળી જાનદાર રીતે જીવીએ!

આટલી પ્રસ્તાવના પછી ચાલો હવે (O.T.) ઓપરેશન થિયેટરમાં દાખલ થઇ કોઇ પેશન્ટને મગજના ચાલુ ઓપરેશને... શું કરે છે તે જોઇને હળવાશ અનુભવીએ! આપણું મગજ મકરાવે ચડી જાય તેવા સમાચાર એક ન્યૂઝ પેપરમાં વાંચ્યા!

આપણું મગજ ભલે ચકરાવે ચડે પરંતુ જેના મગજનું ઓપરેશન ચાલતું હતું તે તો તેના મગજના ચાલુ ઓપરેશને વાયોલીન વગાડી રહ્યો હતો!

(તેના મગજને ચકરાવે ચડવાનો સવાલ ઊભો ન થાય કારણ કે તેના મગજનું તો ઓપરેશન ચાલતું હતું!) ટૂંકમાં ઓપરેશન તેના મગજનું પણ ચકરાવે ચડ્યું આપણું મગજ!

એવા જ બીજા એક સમાચાર થોડા સમય પહેલાં વાંચેલા જેમાં પણ પેશન્ટ મગજના ઓપરેશન વખતે 'મગજમારી' જેવું કામ કરી રહ્યો હતો!

થોડા કાલ્પનિક રંગો સાથેના વિગતવાર સમાચાર આ પ્રમાણે હતા -

હુબલીના ડો. મિથુને એક દર્દીના મગજનું ઓપરેશન કર્યું ત્યારે દર્દી પુરેપુરો ભાનમાં હતો અને ડોકટરોની ટીમ સાથે વાતચિત કરતો રહ્યો હતો! સુશ્રુત હોસ્પિટલમાં સલાહકાર ન્યૂરોસર્જન તરીકે સેવા આપતા ડો. મિથુનના જણાવ્યા પ્રમાણે મગજમાં આવેલ બોલવાની ક્રિયાનું નિમંત્રણ કરનાર કેન્દ્રને સાવ અડીને આવેલ ટ્યુમર દૂર કરવામાં દર્દી બોલવાની શક્તિ ગુમાવી બેસે તેવો ભય હોવાથી એક દર્દીને જાગૃત અને બોલચાલ કરતો રાખીને ઓપરેશન કરવામાં આવ્યું હતું! ૩ કલાક અને વીસ મીનીટ સુધી ઓપરેશન ચાલ્યું હતું. અને દર્દી વાત કરતો રહ્યો હતો!

બોલવાનું નિયંત્રણ કરનાર કેન્દ્ર અને ટ્યુમર બિલકુલ અડીને હોવાથી દરેક કાપ ખૂબ જ સંભાળપૂર્વક મૂકવામાં આવ્યો હતો. મેડીકલ સાયન્સ કહે છે કે મગજમાં વાઢકાપ થતી હોય તો દુખાવાનો કોઇ અનુભવ થતો નથી તેથી વ્યક્તિને ઓપરેશનની શરૂઆત સિવાય વધારે ટાઇમ બેહોશ કરવાની જરૂરિયાત રહેતી નથી. કુદરતની આ કેવી અજાયબ કરામત છે કે શરીરના કોઇ પણ ભાગમાં થતી નાનામાં નાની વેદનાને મગજ તરત અનુભવી લે છે પરંતુ તેને જો કાપી નાખવામાં આવે તો વ્યક્તિનું મૃત્યુ થઇ જાય પરંતુ તેને કોઇ પીડાનો અનુભવ થતો નથી!

આપણા મગજમાં ઊતરી શકે નહીં તેવી આ વાત છે! છતાં તેની સાબિતી તો ત્યારે જ મળે જયારે આપણા મગજનું ઓપરેશન કરવામાં આવે!

(આ અંગે અમારા એક 'બાર વાગ્યા વાળા સરદારજી' મિત્રનું માનવું છે કે તે માટે આપણી પાસે મગજ હોવું જરૂરી છે! તેણે પોતા સાથે મને પણ જોડાયો!)

અગાઉ જણાવ્યું છે તેમ ઓપરેશન કરનાર ડોકટરે દર્દીને વાતચીત કરવાનું ચાલુ રાખવાની તેમજ મગજનો જેમાં વધારેમાં વધારે ઉપયોગ થાય તેવું કાર્ય કરવાની સલાહ આપી હતી! તેથી તે દર્દીના મગજમાં 'ચેસ' રમવાનો વિચાર આવ્યો! ફિઝીકલી પોતે તો રમી શકે નહીં તેથી તેણે પોતાના એક ફ્રેન્ડ મારફ્તે બીજા કોઇ પ્લેયર સાથે 'ચેસ' રમવાની ઇચ્છા દર્શાવી! ઓપરેશન કરનાર ડોકટરે પોતાના એક ટ્રેઇની જુનીયર ડોકટરને સામેનાં પ્લેયર તરીકે રમવા માટે વ્યવસ્થા કરી આપી!

આમ એક બાજુ પેશન્ટના મગજનું ઓપરેશન ચાલુ રહ્યું અને બીજી બાજુ પેશન્ટે પોતાના મિત્ર દ્વારા પરંતુ પોતાની સૂચના પ્રમાણે 'ચેસ' રમવાનું ચાલુ રાખ્યું!

મગજના ઓપરેશન સાથે પેશન્ટના મગજની 'મગજમારી' ચાલુ રહી!

થોડા સમય પછી એક બાજુ મગજનું ઓપેરશન પુરું થયું અને યોગાનુયોગ 'ચેસ'ની રમતનો પણ અંત આવતો જણાયો! કારણ કે પેશન્ટવતી તેના મિત્રો થોડી ચાલ ચાલ્યા પછી સામેવાળા પ્લેયર જુનીયર ડોકટરને ચેસની રમતમાં છેલ્લી ચાલમાં 'ચેક' આપ્યો હતો!

ઓપરેશન પુરુ થયાં પછી પેશન્ટવતી તેના મિત્રે ઓપરેશન કરનાર ડોકટરને ઓપરેશનના ચાર્જ પેટેનો ચેક આપ્યો!

આમ પેશન્ટના મગજના ઓપરેશન પછી બંને ડોકટરોને 'ચેક' મળ્યાં!

એકને 'ચેક'ની રમતમાં
અને
બીજાને બેન્કનો!

# નવી શરતની જમીન વીલથી મેળવનારનુ નામ રેવન્યૂ રેકર્ડમાં દાખલ થઈ શકે છે : ગુજરાત હાઈકોર્ટ

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



કોઈપણ વ્યકિતએ પોતાની સ્વપાર્જીત ખેતીની જમીન વીલથી સીધી લીટીના વારસદાર સીવાય અન્ય ખેડૂત વ્યકિતની તરફેણમાં આપી મરણ પામેલ હોય તેવા કિસ્સામાં વીલ ધારણ કરનાર વ્યકિત વીલના આધારે આવી જમીનમાં પોતાનું નામ રેવન્યૂ રેકર્ડમાં માલીક તરીકે દાખલ કરાવી વીલનો અમલ કરાવી શકે છે તે જ રીતે જયારે કોઈ વ્યકિત પોતાની સ્વપાર્જીત અને નવી શરતની ખેતીની જમીન વીલથી સીધી લીટીના વારસદાર સીવાય અન્ય કોઈ ખેડૂત વ્યકિતની તરફેણમાં કરવામાં આવેલ હોય ત્યારે તેવુ વીલ પણ કાયદેસરનું ગણાય છે.

નવી શરતની જમીનમાં વેચાણ તબદીલી અને વિભાજન કરવા ઉપર ગણોત ધારાની કલમ-૪૩ મુજબ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે નવી અને અવિભાજય શરતની તબદીલી કલેકટરશ્રીની પરવાનગી સીવાય નામે કરી શકાતી નથી જયારે સીધી લીટીના વારસદાર સીવાય અન્ય કોઈ ખેડૂત વ્યકિતને નવી શરતની જમીન વીલથી મેળલ હોય તો તેવા કિસ્સામાં વસીયત કરનાર પહેલેથી મૃત્યુ પામેલ હોવાથી આ અંગે પૂર્વ પરવાનગી મેળવવાનું શકય બનતુ નથી આવા કિસ્સામાં ગ.ધા.ક.૪૩ ની પરવાનગી વીલ ધારણ કરતા પાછળથી પણ મેળવી શકે છે આવી કાર્યવાહી વીલ ધારણ કરતાએ જે દિવસથી વીલ અમલમાં મુકાય તે દિવસથી જ કરવાની રહે છે વીલ કરનારના મૃત્યુ પહેલા આવી પરવાનગી માટે અરજી લઈ શકે નહી. પક્ષકારોની પાશ્ચાદવર્તી અસરથી આપવામાં આવતી આવી અરજીને વસીયત કરતાની મૃત્યુની તારીખ બાદથી અમલી ગણીને તે મુજબ જમીનના પ્રીમિયમના દર નક્કી કરવાની કાર્યવાહી મહેસુલી અધિકારીઓએ કરવાની રહે છે તેવો સિધ્ધાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પે.સીવીલ એપ્લીકેશન નં. ૭૯૪૧/૦૬ ના કેસમાં આખરી હુકમ કરી પ્રસ્થાપિત કરેલ છે.

સદર કેસમાં નવી શરતની જમીન વીલથી પીટીશનરને આપેલ અને ત્યારબાદ વીલ કરનાર મૃત્યુ પામતા પીટીશનરે આવી જમીન નામે ખાતે કરવા અરજ કરતા સરકાર તથા અરજદાર વચ્ચે તકરાર ઉપસ્થિત થતા સદર તકરાર નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા નામદાર હાઈકોર્ટે ઠરાવેલ કે વિવાદિત જમીન નવી શરતની જમીન છે તેમજ નવી શરતની જમીન અંગે વીલ થયેલ છે આ વીલ કરનાર મરણ પામેલ હોવાથી આ અંગે સરકારશ્રીની પૂર્વ પરવાનગી મેળવવી શકય નથી જેથી આ કિસ્સામાં પાશ્ચાતવર્તી અસરથી પરવાનગી મેળવવી અને આપવી જરૂરી છે આવી પરવાનગી માટેની કાર્યવાહી જે દિવસે વસીયત અમલમાં આવે તે દિવસથી જ શરૂ થયેલ ગણાય તેમજ વસીયત કરતાના મૃત્યુ પહેલાથી કોઈ ક્ષણે આવી પરવાનગી માટેની અરજી થઈ શકે નહી પક્ષકારોની પાશ્ચાદવર્તી અસરથી વીલ કરતા મૃત્યુની તારીખ બાદથી અમલી ગણી તે મુજબ આવી જમીનના પ્રીમિયમ દર નક્કી કરવાની મહેસુલી અધિકારીઓએ કાર્યવાહી કરવી જોઈએ તેથી અરજદારની પાશ્ચાવર્તી અસરથી પરવાનગીની અરજી મંજુર કરતો હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટે કરેલ છે.

સદર ચુકાદાથી સ્પષ્ટ થાય છે કે જયારે સીધી લીટીના વારસદાર સીવાય અન્ય ખેડૂત ખાતેદાર વ્યકિતને નવી શરતની જમીન વીલથી પ્રાપ્ત થયેલ હોય તો આવા કેસમાં વસીયત કરતા પહેલાથી જ મૃત્યુ પામેલ હોવાથી આ અંગે પૂર્વ પરવાનગી મેળવવાનું શકય નથી આવી પરવાનગી પાછળથી પણ મેળવી શકાય છે વધુમાં આવી પરવાનગી માટેની કાર્યવાહી જે દિવસે વસીયત અમલમાં આવે છે તે દિવસથી શરૂ થયેલ ગણાય તેમજ વસીયત કરતા મૃત્યુ પહેલાથી કોઈ ક્ષણે આવી પરવાનગી માટેની અરજી થઈ શકે નહી પક્ષકારોની પાશ્ચાદવર્તી અસરથી આપવામાં આવતી આવી અરજીને વસીયત કરતાની મૃત્યુની તારીખ બાદથી અમલી ગણી તે મુજબ પ્રીમિયમ નક્કી કરવાની કાર્યવાહી મહેસુલી અધિકારીઓએ કરવી જોઈએ.

વીલનો અમલ વીલ કરનાર વ્યકિત ગુજરી જાય ત્યારબાદ જ થઈ શકે છે આ વીલ એટલે કોઈ વ્યકિતના મૃત્યુબાદ વીલ કરનાર વ્યકિતની ઈચ્છા મુજબ તેની પોતાની સ્વપાર્જીત સ્થાવર તથા જંગમ મીલ્કતોની વહેચણી આ વ્યવસ્થા કરવા માટેનો કાયદેસરનો દસ્તાવેજ કે લેખ વીલની નોંધણી ફરજીયાત નથી તેમજ વીલ સાદા કાગળ ઉપર પણ લખી શકાય છે વીલ બનાવવા કોઈ સ્ટેમ્પ પેપરની પણ જરૂર કાયદામાં નથી

વીલમાં પુખ્ત વયની બે વ્યકિતની સાક્ષી તરીકે સહિ હોવી જોઈએ વીલ કરતાએ જાતે વીલમાં સહિ કે અંગૂઠો કરેલ હોવો જોઈએ જો અંગૂઠો કરેલ હોય તો અન્ય વ્યકિતએ ઓળખાણ આપવી જોઈએ વીલના સાક્ષીઓએ વસીયત કરતાને વીલમાં સહિ કરતા રૂબરૂ જોયેલ હોવા જોઈએ તેમ જ વીલ કરતાએ જો દરેક પાને સહિ કરી હોય તો તે હિતાવહ છે વીલના સાક્ષી વીલ કરતાથી નાની ઉંમરના હોવા જોઈએ તેમજ વીલ ગમે તેટલી વખત બનાવી અથવા બદલી શકાય છે છેવટનું વીલ અમલ કરતા ગણાય છે.